

વર્ષ ૩ અંક ૧૦
શ્રીસફલા
એકાદશી વ્રત

માગસર વદ
૧૧, ૨૦૬૭

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

વિષય	પાન ક્રમાંક
❖ નિવેદન	૧
❖ ટિપ્પણી	૨
❖ શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન	૩
❖ સર્વોત્તમ સ્તોત્ર	૬
❖ સ્વરૂપ નિષ્ઠા	૮
❖ પુષ્ટિમાર્ગીય શિક્ષા	૯
❖ મનપ્રબોધ	૧૧
❖ અથનામરત્નમાલાવલિ:	૧૨
❖ જૈ જૈ શ્રીગોકુલેશ	૧૩
❖ કવિત્ત	૧૪
❖ ShriGokulnathji	14

राग भैरव

श्रीगोकुलेश गोकुलेश गाईए ।
मन वचन कर्म करि निशदिन आठौ जाम,
श्रीगोकुलेश सुंदर स्वरूप उर लाईए ।। १ ।।
तबही होईगौ मनोरथ बहु विधि,
श्रीगोकुलेशचरण निरन्तर धाईए ।
वल्लभदास प्रभु श्रीगोकुलेशके दियै,
यह लोक परलोक महासुख पाईए ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી વૈષ્ણવ સમાજે મહોત્સવ ખૂબજ ઉત્સાહપૂર્ણ રીતે મનાવ્યો. સાથેજ શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ - શ્રીગુસાંઈજી પ્રભુનો પ્રાગટ્યોત્સવ પણ આપણે સૌએ મનાવ્યો. અને સૌએ પોતાની અનન્યતાને સાર્થક કરી. શ્રીગોકુલપતિના ઘણાં વચનામૃત છે, જે આપણને અનન્યતાનો પાઠ ભણાવે છે. માલજી પંચોલીજી શ્રીગોકુલેશ પ્રભુના પરમ અનન્ય ભક્ત હતા. તેમને ઘણી વાર શ્રીગોકુલેશ પ્રભુને માર્ગીય પ્રશ્નો કર્યા, જેના પ્રતિઉત્તર શ્રીગોકુલેશ પ્રભુ વચનામૃત પ્રગટ કર્યા.

માલજી પંચોલીએ શ્રીગોકુલેશ પ્રભુને એક સમય વિનંતી કરી કે રાજ! અનન્યતા મોટો પદાર્થ છે. ત્યારે શ્રીગોકુલપતિએ આજ્ઞા કરી કે 'હાં! હાં! અનન્યતા પતિવ્રત ધર્મ મોટો પદાર્થ છે. અન્ય સંબંધ થોડો પણ બગાડ કરે છે. વધું બગાડ થાય, તેથી અન્ય સંબંધથી બચવું જોઇએ. જેમ સર્પનો ડંખ વાગે ત્યારે તેનું વિષ ધીમે ધીમે આખા શરીરમાં પ્રસરે છે, આખાં શરીરમાં વ્યાપી જાય છે. પરંતુ જો જે જગ્યાએ સર્પનો ડંખ વાગ્યો હોય, તે જગ્યાને ચાકુ-છરીથી કાપી નાખીએ, તો વિષ આગળ વધે નહિ. તેથી પતિવ્રત ધર્મ અનન્ય ધર્મ મોટો પદાર્થ છે, જેનું રક્ષણ સદાય જીવે કરવું.

શ્રીગોકુલેશ પ્રભુના આ વચનામૃત આપણને સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આપણે કેવળ ને કેવળ એકજ ને વળગી રહેવું જોઈએ. કારણકે જો અન્ય સંબંધ આવે તો પછી બગાડ થવાની સંભાવના તો સ્પષ્ટ રીતે થાય છે. એક પત્ની પોતાના પતિને છોડીને અન્ય જોડે સંબંધ બાંધે, તો તે વ્યભિચારી કહેવાય, અને જો કેવળ પોતાના પતિનેજ અનન્ય ભાવે રહે છે, તે પતિવ્રતા છે. તેવીજ રીતે આપણો માર્ગ પણ પતિવ્રતાનો છે. અન્ય સંબંધ બાધક છે.

राग देवगंधार :- शरण माङ्गी रे माङ्गी तू वल्लभवर ।। सीख सुन मेरी तेरी सौं कहत हौं अन्त पछताईगौ ड़ोलत घर घर ।। १ ।। जाकी आस करै ब्रह्मा आदि अवतार सब, आस करै जाकी कामधेनु और कल्पतरु ।। वृन्दावन पूरन पुरुषोत्तम प्रगट्यौ श्रीगोकुलनाथ नर ।। २ ।।

ભાવત્ક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૭ માગસર વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૭ પોષ સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

ડિસેમ્બર ૩૧, ૨૦૧૦ થી જાન્યુઆરી ૧૪, ૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ – માગસર વદ	શુક્ર	ડિસેમ્બર-૩૧	શ્રીસફલા એકાદશી વ્રત. ફલભોગ અવશ્ય ધરવો અને ફલદાન કરવું.
૧૨	શનિ	જાન્યુઆરી-૧	
૧૩	રવિ	૨	
૧૪	સોમ	૩	
૩૦	મંગળ	૪	ખંડગ્રાસ સૂર્યગ્રહણ (જેનું વિવરણ શ્રીચતુર્થગૃહ દ્વારા પ્રકાશિત ટિપ્પણીના પૃષ્ઠ ૩૦ ૫૨ જોવું.
૧ – પોષ સુદ	બુધ	૫	
૨	ગુરુ	૬	
૩	શુક્ર	૭	
૪	શનિ	૮	
૫	રવિ	૯	
૬	સોમ	૧૦	
૭	મંગળ	૧૧	
૮	બુધ	૧૨	
૯	ગુરુ	૧૩	ધનુર્માસ સમાપ્ત.
૯	શુક્ર	૧૪	ભોગી
૧૦	શનિ	૧૫	મકર સંક્રાન્તિ પુણ્યકાલ. તિલવા ભોગ ધરવું સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યન્ત. રાજભોગમાં ધરવું પ્રશસ્ત છે. ઉત્તરાયણ પ્રારંભ.

વિષ્ણુ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજા કોઇપણ (સાધનથી) નહિ. તે જ મુક્તિ આપનાર છે અને તેમાં (મુક્તિદાનમાં) ભક્તિ જ કારણ છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૪૧)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ-ઉત્સવ

…ગતાંકથી આગળ

સ્વરૂપ અપેક્ષિત રસ તે રસેભર્યા પાત્ર છે એ,
તેને કરું હું પ્રણામ જેમાંહે હિત માત્ર છે એ.

વેણો ભટ્ટ એણી પેરે બોલ્યા વચન એ, અતિ ઘણો આનન્દ મન ધરી એ.
આનન્દ મન ધરી બોલીયા એમ વેણો ભટ્ટ તેણી વાર; ગોવિન્દભટ્ટજી સાંભળો એકે ચિત્ત કહું જે સાર.
તમો અમારા સહોદર ને જીવ ના જીવન, મિત્ર બાંધવ પરોપકારી ને શ્રીગુસાંઈજીનું મન.
અમને મનોરથ ઘણો છે હવે પૂર્ણ કરવો તેહ, તમ વિનાં કોએ ન કરી શકે કાજ મોટું એહ.
ઘણા દિવસનો મનોરથ પણ સત્ય કરવો આજ, આ કન્યા તમને આપું છું શ્રીવલ્લભને કાજ.
એહવું કહીને ખોળે બેસાડી કન્યા પાર્વતી નામ, ગોવિન્દભટ્ટ ને નીચા થઈને કીધઅ હરખે પ્રણામ.
ગોવિન્દભટ્ટ પછે ઘેર આવ્યા દેઈ સત્ય વચન, વેણોભટ્ટ અતિ આનન્દ પામ્યા પ્રસન્ન થયું છે મન.
ગોવિન્દભટ્ટજી એ શ્રીગુસાંઈજીને કહી સઘળી વાત, વેણોભટ્ટ નિજ કન્યા આપી વર્ષ થયાં છે સાત.
શ્રીગુસાંઈજી આનન્દ પામ્યા વાત સાંભળી સાર, વેગે હર્ષે તેડીયો ત્યાંહાં પોતાનો પરિવાર.
શ્રીગિરિધરજી ત્યાં આવીયા ને સાથે શ્રીગોવિન્દરાય, શ્રીબાલકૃષ્ણ શ્રીરઘુનાથજી મહારાજ ઉલટ ન માય.
એણી પેરે શ્રીગુસાંઈજીના પુત્ર આવ્યાં ત્યાંહાં, પુત્રી સઘલી તેડાવી ત્યાહાં હતી જે જ્યાંહા'જ્યાંહાં.
શોભાજી ત્યાંહાં આવીયા અને યમુનાજી તે સંગ, દેવકીજી આવીયા કમલાજી અતિ મન રંગ.
વરમાતા આવીયાં પદ્માવતીજી તેહ, સુત વિવાહને આનન્દે કરી ફૂલ્યા છે અતિ દેહ.
ભ્રાતા શ્રીગોપીનાથજીની પુત્રી આવી ત્યાંહ, લક્ષ્મીજીને સત્યાજી સહુ પરીવાર બેઠો છે જ્યાંહ.
ગદો દુબે ને ગોવિન્દ દવેને સાથે ગોપીનાથ દાસ, વ્રજદાસ ને પવો ત્રિવાડી હરીવંશજી ઉલ્લાસ.
શ્રીઆચાર્યને ઘણું વ્હાલા કૃષ્ણદાસી નામ, શ્રીગુસાંઈજીને વ્હાલા ગોરબાઈ આવીયા તે ઠામ.
શ્રીવલ્લભજીને ગમતા દામોદરદાસી જેહ, મન માંહે આશીષ દેતાં આવીયા સહુ તેહ.
મામા કાકા ભત્રિજા ભાણેજ વ્હાલા જેહ, શ્રીગુસાંઈજીને ઘેર હરખે તે આવી બેઠાં તેહ.
ગોવિન્દભટ્ટજી એ એકાન્તે પેલી વાત કહી જે સાર, શ્રીગુસાંઈજીએ કહી સહુને કરીને વિસ્તાર.
વચન સાંભલી સૌનુ આનન્દ પામ્યું મન, હર્ષ ધરીને બોલીયા શોભાજી એમ વચન.
ઉત્તમ કુલતો વેણાભટ્ટનું ઉત્તમ ઘર શુભ ઠામ, ઉત્તમ કન્યા સગા ઉત્તમ ઉત્તમ એહનું ગામ.
કુટુંબ સૌએ કહેવા લાગ્યું કન્યા ઉત્તમ એહ, ગોવિન્દભટ્ટજી કરી આવ્યાં ખરૂં આપણે તેહ.
છુટકો :- વિચાર કીધો વિવાહનો તે સહુને મન ભાવીયો, આનન્દ અંગો અંગ ફૂલ્યા હરખ પામ્યો મહાવિયો.

હવે શ્રીગુસાંઇજીએ કંકોત્રી લખીને સહુને તેડાવ્યા અને લખ્યું કે:

તમ આવે અમને થશે એ, મનમાંહિ અભિરામ, શોભા અધિક પ્રગટ થશે એ, મંગલ મંગલ ધામ.

આમ આખા ભારતવર્ષમાંથી અનેક સજ્જનો આ લગ્નમાં પધાર્યા, પછી મકાનો રંગાવ્યા, વિવિધ પ્રકારના વાજિંત્ર હવે વાગવા લાગ્યા; માગધો, બંધીજનો, ગુજરાતી ગાંધર્વો, નૃત્યકારો, ભાટ, ચારણો વગેરે અનેક આ લગ્નની વાત સાંભળી ત્યાં આવ્યા. હવે તો આખું મથુરા આ શ્રીવલ્લભવરના વિવાહથી ગાજી રહ્યું અને વિવાહના વાદ્ય સાંભળવા મિષે સૌ કોઇ શ્રીવલ્લભના સલુણા સ્વરૂપનું પાન કરવા લાગ્યું.

પછી જ્ઞાતિ રિવાજ પ્રમાણે વિવાહની વિધિ ચાલવા લાગી અને જમણ પિરસાવા લાગ્યા. વરને પીઠી ચોળવામાં આવી. આમ જેઠ સુદ ૧૧થી લગ્ન વિધિ શરૂ થયો અને વૈદિક વિધિથી લગ્ન શરૂ કર્યુ. છઠ્ઠા પ્રસંગમાં શ્રીશોભા બેનીએ જે મધુર ફટાણા ગાયાં.

પ્રથમ લાડીલો ને વલી લાડ ચઢ્યો રંગ રેલ, લાડ ચઢ્યો અતિ લહલહયો સુંદર મોહન વેલ.

મોદ ભર્યો ઉલટ ભર્યો રસ ભર્યો રસરૂપ, પ્રેમ મદે માતો રહે નાયક નવલ અનુપ.

અવલ કુંવર આલીંગડો બોલે મીઠી ગાલ, કોસું સ્વચ્છ મરકલડો કરે કોસું બોલે આલ.

સૌને આનંદ આનંદ થઇ રહ્યો છે. શ્રીગુસાંઇજીના ભવનમાં તિલ પડવાની પણ જગ્યા નથી રહી. વરરાજાનું દર્શન કરતા કોઇને સંતોષ નથી થતો. જનસમાજને પોતાના ઘરે જવાનું ગમતું નથી. બસ મન ચાહે છે કે અહીં શ્રીગુસાંઇજીના ભવનમાં જ રહી જઇએ. હવે કૃપાપાત્ર કૃષ્ણાદાસી, ઠાકોરદાસી, શ્રૃંગારબાઇ, દામોદર દાસી, મેવાડનાં નાનીબાઇ જેમણે નાનપણથી શ્રીગોકુલેશ પ્રભુને ખેલાવી મોટા કર્યા હતા, તેમનો સૌનો ઉત્સાહ આ લગ્ન વખતે અતિશય વૃદ્ધિ પામી રહ્યા છે.

ગોધરાથી નાગજીભાઇ, ખંભાતના જીઉભાઇ, બડા માધવદાસ, દેવરાજભાઇ, હરિવંશજી, લખીભાઇ, ભઇલા કોઠારી, રામદાસજી, ગદો દુબે, ગોવિંદ દુબે, રામદત્ત દુએ, રાણા વ્યાસ, પવો ત્રવાડી, પ્રાગદાસ, ભરથભાઇ, બડા રામદાસજી, રાઘવદાસ ભીતરીયા, હરખોભાઇ, ગોપાલ ભટ્ટ, જગન્નાથ જોષી, ગોપીનાથદાસ ગોવિંદદાસ ભાવી, મદસુદન, ગોપાલદાસ, વ્રજમોહન દાસ, વિષ્ણુ મહેતો, વછુ પારેખ, કૃષ્ણદાસ ઉદ્ધવદાસ વિસનગર વાળા, વિષ્ણુદાસ અને ગોપાલજી નરોડાના, આસોડાના ગણપતભાઇ, ખેરૂના સુરોભાઇ, ઝાડોલ્યના ત્રયંબક વ્યાસ, માધવદાસ કપુર, નાગોરી મોહનદાસ, રૂપચંદ પટ્ટણી, જ્ઞાનચંદ, નરહરદાસ, રામદાસ ટડો, નાગર સીરંઘદાસ વૈકુંઠદાસ, ભીષ્મભાઇ, વગેરે અનેક સેવક સમાજ આજે અહીં મંડપ માંહે ઉપસ્થિત છે.

જેઠ સુદ ૧૧ના રાત્રીના સમય વાજીંત્રો સાથે ગાતાં ગાતાં મીઠાઇનો થાળ લઇ વર-માતા સહિત સ્ત્રીજનનો વેવાઇને ત્યાં બેટી માંગવા જાય છે. વેણા ભટ્ટજી પુછે છે કે રાત્રી ઘણી વીતી ચૂકી છે, અને વળી આપ બધા સ્ત્રીજનો સાથે વાજતે ગાજતે શા માટે પધાર્યા છો ? ત્યારે વરમાતા શ્રીપદ્માવતીજી તરફથી કહે છે કે તમારે ત્યાં કન્યા છે તેમ સાંભળ્યુ છે અને શ્રીવિઠ્ઠલજીને ઘરે શ્રીવલ્લભ મૂરતિયો છે, તેને માટે કન્યાની માંગણી કરવા આવ્યા છીએ. વેણા ભટ્ટના ઘરના પૂછે છે કે જન્માક્ષર મેળવ્યા છે ? કહે છે કે ઉત્તમ રીતે જન્માક્ષર મળ્યા છે. પ્રતિઉત્તર આપતા વેણા ભટ્ટ કહે છે : તો અવશ્ય કન્યા આપશુ.

આમ કહી પારવતીજીને વરમાતાના ખોળામાં બેસાડયા, વરમાતાએ વહુજીના ભાલે કુમકુમની બીંદી કરી. સાડી ચોલી આપ્યા અને બીડું, રૂપૈયો, અને માલા વહુજીના હાથમાં આપી છે. કન્યા પક્ષ તરફથી વેવાણોનું યોગ્ય સન્માન થયું છે. આમ કન્યામાગી ને સર્વ સમાજ ઘરે પાછો ફર્યો છે.

જેઠ સુદ ૧૨ ના સોહાસણીયો સાથીયા કરવા લાગે છે અને દ્વારે દ્વારે તોરણ બંધાય છે. પાથરણા પથરાય છે. અને પછી શ્રીવલ્લભને પીઠી ચોપડાય છે. અને વેદીની ચોતરીએ માતા પિતા સાથે બિરાજી પુણ્યાહવાચન કરે છે. અને કુલદેવતા નું સ્થાપન કર્યુ છે.

વેણાભટ્ટના ઘરે પણ કુળદેવતાનું સ્થાપન થયું છે. આજે બદ્રી પ્રસંગે ઉભય પક્ષે પોતાના સ્નેહી, સંબંધીને જમવા નોતર્યા છે, તેથી શ્રીગુસાંઇજીનો પરિવાર વેણાભટ્ટ વેવાઇને ત્યાં જમવા ના જઇ શકે કારણકે પોતાના ઘરે પણ ભોજનનો સમારંભ છે. હવે વેણાભટ્ટને ઘરે અનેક સમાજ આવે છે પણ શ્રીગુસાંઇજીનો પરિવાર તો ના આવી શકે તેથી વેણભટ્ટજીએ રસોઇની સામગ્રી શ્રીગુસાંઇજીને ત્યાં મોકલી અને વિજ્ઞપ્તી કરી કહેવડાવ્યું

વેણેભટ્ટે વિનંતી કરી છે ઘણીએ, પાઠવી સામગ્રી તે તમ તણીએ,

શ્રીગુસાંઇજીને અતિ પ્રણીપત્ય કરીએ, કરી વિજ્ઞપ્તી તે ઘણી ઘણીએ.

પકવાન કેરી સામગ્રી અનેક એ, કરી વિવેક તે લાવીયા એ,

તમારે લાયક તો એ છે નહીં આજ એ, રાજ થોડે ઘણું માનજો એ.

આગલા દિવસે જેમ વરમાતા કન્યા માંગવા પધાર્યા હતા તે આજે જેઠ સુદ ૧૨ના શ્રીગુસાંઇજી પુરુષ સમાજ અને ઘરના સ્ત્રીજન સાથે કન્યા માગવા અને લગ્ન નક્કી કરવા વેણાભટ્ટના ઘરે પધાર્યા. ગઇકાલની જેમજ ઉત્તર પ્રતિઉત્તર થયા અને લગ્ન નક્કી કરતા વરપક્ષ તરફથી શ્રીગુસાંઇજી નિશ્ચયો ભવતી કહે છે. જ્યારે કન્યાપક્ષ તરફથી વેણાભટ્ટ પણ નિશ્ચયો ભવતી કહ્યું. અને લગ્નનું નક્કી થયું છે. વેણાભટ્ટ કન્યાજીને શ્રીગુસાંઇજીની ગોદમાં બેસાડ્યા, અને શ્રીગુસાંઇજી પણ વહુજીનું સન્માન કર્યુ છે. પછી વહુજીના ગંગામામીએ કન્યાને શ્રીગુસાંઇજીના ખોળેથી લઇ અંતઃપુરમાં શ્રીગુસાંઇજીનો સ્ત્રી સમાજ છે તેમના દરેકના ખોળામાં પધરાવ્યા છે. અહીં ઉભય પક્ષના સ્ત્રીજનો સામસામે ગીતો ગાય છે અને ફટાણા આપે છે. આમ આનંદ મંગલ થઇ રહ્યો છે. વેવાઇને ત્યાંથી સમય થયે શ્રીગુસાંઇજી પોતાના ભવને પધાર્યા અને અહીં શ્રીગોવિંદ મામાએ મામેરૂં કર્યું.

ઉત્સાહના દિવસો પસાર થતા વાર નથી લાગતી. જોત જોતામાં રૂડો જેઠ વદ-૧નો દિવસ આવી ગયો. વરપક્ષ તરફથી પીઠી નો સાજ લઇ કન્યાપક્ષને પીઠી ચોળવા જાય છે. વધે છે તેમાં બીજી સામગ્રી ઉમેરી કન્યા પક્ષના સ્ત્રીજનો ગાતા ગાતા શ્રીગુસાંઇજીના ઘરે આવે છે. અહીં બન્નેને પીઠી ચોળાય છે.

વેણાભટ્ટે આણું પાથર્યું છે અને બીજી લગ્ન વિધિની તૈયારી કરતા જાનની રાહ જોવાઇ રહી છે.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું છવિસમાં નામ **निखिलेष्टदः**[२६] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ **निखिलेष्टदः** આ નામની પ્રતીતિ થાય છે. **निशम्य गीतं तदङ्गवर्धनं (१०.२९.४), ध्यायेन याम पदयोः पदवीं सखे ते (१०.२९.३५), संमोहितार्यचरिताद् न चलेत् त्रिलोक्याम् (१०.२९.४०), लब्ध्वाऽपि वक्षसि पदं किल भृत्यजुष्टम्। तद् वद् वयं च तव पादरजःप्रपन्नाः (१०.२९.३७)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજી સકલ ઈષ્ટ-વાંછિત ફળદાતા છે, તે સમજવાનો પ્રયાસ કર્યો. તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું છવિસમું નામ **निखिलेष्टदः**[२६] પ્રગટ કર્યું.

જેમ આપણે વાર્તા પ્રસંગોમાં અનેક જગ્યાએ જાણ્યું છે કે શ્રીમહાપ્રભુજી સ્વયં આટલો શ્રમ કરીને સેવા પ્રકાર શીખવી છે. જો આપશ્રી ન સિખવાડત તો કોઈ જાણત નહિ અને **આ માર્ગમાં શ્રીઠાકોરજીનો સંબંધ જ ફલરૂ છે**, તે સિદ્ધ ન થાત, ત્યારે '**निखिलेष्टदः**' શ્રીગુસાંઈજી પ્રગટ ન કરત. પણ જેમ વલ્લભાખ્યાનમાં 'આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો'. ભક્તિમાર્ગ તો સેવાનો માર્ગ છે. તેમાં અનેક ભાવોથી સેવા છે. તો જ્યાં સુધી બધા ભાવો સાથે ભક્તિનું દાન ન કરે ત્યાં સુધી ઈષ્ટ-વાંછિત દેવાવાળા ન કહેવાય. જ્યારે આવી શંકા કોઈક કરે, ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું સત્તાવીસમું નામ પ્રગટ કરે **सर्व-लक्षण-सम्पन्नः**[२७] છે.

सर्व-लक्षण-सम्पन्नः[२७] श्रीकृष्ण-ज्ञानदो[२८] गुरुः[२९] ।।
स्वानन्द-तुन्दिलः[३०] पद्म-दलायत-विलोचनः[३१] ।। १३ ।।

ભાવાર્થ :- શ્રીમહાપ્રભુજી [૨૭]આપ સર્વ દાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છો, [૨૮]પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા છો, [૨૯]પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ છો, [30]અગણિત આનન્દથી પુષ્ટ છો, [31]કમલની પાંખડીના જેવા મોટા છે નેત્ર છે જેમના, એવા શ્રીમહાપ્રભુજી આપ છો. ૧૩

सर्व-लक्षण-सम्पन्नः[२७] :- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) સર્વ દાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છે.

રાગ : બિભાસ

'સર્વલક્ષણસમ્પન્ન' સુમિરેતેં પરમ સુખ હોત ।
બિન સાધન કિએ ઉદ્ધારત હૈં કુલ એકોત્તર ગોત ।। ૧ ।।
ઐસી નિધિ બહુર્યો નહિં પાવત શ્રીવલ્લભ-ચરન-સરોજ ।
શિવ વિરંચિ સચિપતિ સુર નર મુનિ હારે કરિ-કરિ ખોજ ।। ૨ ।।

દૈવીજન-હિતકારન પ્રકટે દ્વિજવર અવતાર ।
કહત 'ગોવિન્દ' શ્રીવલ્લભ સુમિરૈ બિન હોત નાહીં નિસ્તાર ।। ૩ ।।

મૂળ ટીકાનો ભાવાર્થ :- એવી રીતે પહેલા નામમાં ''**निखिलेष्टद:**'' (સર્વ ઇચ્છેલું આપનાર) એમ કહેલ હોવા છતાં પણ જે '**सर्व-लक्षण-सम्पन्न:**[२७]' કહ્યું, તેનો અર્થ નીચે પ્રમાણે છે. ભક્તિમાર્ગનું ભજન શીખવવાને લીધે જે '**निखिलेष्टद:**' કહ્યું, તેટલાથી જ ભક્તિમાર્ગીય સર્વ ઇચ્છેલું આપનાર હોવાપણું સિદ્ધ થતું નથી, પરંતુ ભક્તિમાર્ગના જૂદા જૂદા ભાવને લીધે થયેલાં અનેક પ્રકારનાં લક્ષણો છે. તે આપનાર (આચાર્યશ્રી)ન હોત તો, (તેમનામાં) બધા પુરૂષાર્થ આપવાપણું સંભવતું નથી. તે આપનારપણું તેના લક્ષણોની સંપત્તિ વિના સંભવતું નથી, તેથી તેવું આપવાનું સામર્થ્ય છૈ ઐમ ઝણાવવા '**सर्व-लक्षण-सम्पन्न:**[२७]' (સર્વલક્ષણવાળા) એ (નામ) કહેલું છે.

સરળ સમજૂતિ :- સમસ્ત ઇષ્ટ આપવાનું સામર્થ્ય હરિ-ગુરૂ અને ભક્ત એ ત્રણેયમાં હોય છે. સર્વોત્તમસ્તોત્રમાં આપશ્રીના ૧૦૮ નામોમાં કેટલાંક નામ આપનાં હરિરૂપ લક્ષણ, કેટલાંક નામો ગુરૂરૂપ લક્ષણ અને કેટલાંક નામો ભક્તરૂપ લક્ષણનું નિરૂપણ કરે છે. 'વિમુક્તિદ્', 'યજ્ઞભોક્તા', આદિ નામો આપનું હરિરૂપ, 'દૈવોદ્ધાર પ્રયત્નાત્મા', શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણ' અને 'શ્રીકૃષ્ણ જ્ઞાનદો:', 'ગુરૂ' વગેરે નામો આપશ્રીનું ગુરૂરૂપ તથા 'જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃન્', વગેરે નામો આપશ્રીના ભક્તરૂપ લક્ષણના નામો છે.

'નિબંધ'માં ગુરૂના ૪ મુખ્ય લક્ષણોનું વર્ણન છે. ૧) શ્રીકૃષ્ણની સેવામાં પરાયણતા, ૨) દંભ વગેરેનો ત્યાગ, ૩) શ્રીભાગવતના મર્મનું જ્ઞાન, ૪ પુરૂષરૂપ-નરપણું (સર્વનિર્ણય નિબંધ ૨૨૭). શ્રીમહાપ્રભુએ આધિદૈવિક, આધ્યાત્મિક, અને આધિભૌતિક ત્રણેય રૂપમાં સેવા પ્રગટ કરી છે. શ્રીસ્વામિનીજીના માન મનાવવાની આધિદૈવિક સેવા રાધા કુંડના ચરિત્રોથી, આધ્યાત્મિક સેવા ગ્રંથોના નિર્માણથી અને શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીની સેવા પ્રકારથી તેમજ આપશ્રીના અડેલ નિવાસમાં સેવ્ય સ્વરૂપોની સ્વયં જ સેવા કરી આધિભૌતિક સેવા પ્રગટ કરી છે.

अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पते ।
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपति: ।।
दत्त्वाऽऽज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा ।
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णो: प्रियम् ।।

(श्रीसुबोधिनी प्रथम स्कंध कारिका)

આપનું વૈશ્વાનર રૂપ અને દાસરૂપ હોવાનું આપના જ સ્પષ્ટ કથનથી જણાય છે. જે વડે આપનું દંભરહિતપણું સ્પષ્ટ જ છે. શ્રીસુબોધિનીજી-નિબંધ-પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલિ વગેરે ગ્રંથોની રચના આપશ્રીના ભાગવત તત્ત્વજ્ઞાતાનું બોધક છે. નરરૂપ એટલે પુરૂષરૂપ, અર્થાત્ પોતે ભક્તિ પુરૂષાર્થ સાધે એટલું ન નહિં, પરંતુ તેની સાથે નિજ શરણાગત જીવોને પણ ભક્તિ પુરૂષાર્થ સિદ્ધ કરાવે તેવું આપશ્રીનું સ્વરૂપ પ્રગટ છે.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૬]સકલ સર્વ દાન કરવાના સામથ્યથી પૂર્ણ છો, તેથી **सर्व-लक्षण-सम्पन्न:...**

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

માધવદાસ અને દ્વારકાદાસ

આ માધવદાસ અને દ્વારકાદાસ બન્ને ભાઇ હતા તથા સુરતમાં રહેતા હતા. સુરતના અગ્રગણ્ય વેપારી અને શ્રીગોકુલેશ પ્રભુચરણના સેવાપરાયણ એવા અનન્ય સેવક હતા.

પ્રસંગ :- ૧

શ્રીગોકુલેશપ્રભુચરણ સૌ પ્રથમ સુરત પધાર્યા ત્યારે આ બન્ને ભાઇઓએ ખૂબજ ભાવપ્રીતિપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુને પોતાના ઘેર પધરાવ્યા હતા અને તન-મન-ધનથી સેવા કરી હતી.

શ્રીગોકુલેશ પ્રભુ જ્યારે સુરતમાં પધાર્યા ત્યારે વાજતે-ગાજતે સામૈયું કર્યું હતું. અને શ્રીગોકુલેશ પ્રભુને હાથી ઉપર અંબાડીમાં પધરાવ્યાં હતા. હાથીને પણ જરીના વસ્ત્રો-આભૂષણો પહેરાવ્યાં હતાં. શ્રીગોકુલેશ પ્રભુ સ્વયં શ્રીહસ્તમાં અંકુશ ગ્રહણ કરીને હાથી ઉપર બિરાજ્યાં હતા. સમગ્ર સુરત શહેરમાં અતિ હર્ષોલ્લાસપૂર્વક સામૈયું ફેરવ્યું હતું. પોતાના પ્રાણપ્રિય પ્રભુનો ઉત્તમ સત્કાર તથા સેવા કરી પ્રસન્ન કર્યા હતા. ત્યારબાદ આ બન્ને ભાઇઓએ આ અમૂલ્ય હાથી શ્રીગોકુલેશ પ્રભુને ભેટ ધર્યો હતો તેમજ સાથે એક ઉમદા ઘોડો પણ ભેટ ધર્યો હતો. શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખે આ બન્ને ભાઇઓના હૃદયના ભાવથી અતિ પ્રશંસા કરિ હતી. હાથીનું નામ 'ગોપાલ પ્રસાદ' તથા ઘોડાનું નામ 'નયનસુખ' રાખી, શ્રીગોકુલ મોકલી આપ્યાં હતા.

પ્રસંગ :- ૨

સુરતમાં બે માયાવાદી પંડિતો હતા - એકનું નામ રંગોજી અને બીજાનું નામ હરિહર. આ બન્ને સુરતના વૈષ્ણવોને 'ટીલવા' કહીને સદા નિંદા કરતા હતા. તેઓ વૈષ્ણવો પ્રત્યે રાગ-દ્વેષ રાખી, વૈષ્ણવમતનું ખંડન કરતા હતા અને મિથ્યા માયાવાદ ફેલાવતા હતા.

માધવદાસે શ્રીગોકુલેશ પ્રભુને વિનંતિ કરી: 'કૃપાનાથ! સુરતમાં બે માયાવાદી પંડિતો છે અને અહીંના વૈષ્ણવોને બહુ દુ:ખ આપે છે. પોતાના મિથ્યામાર્ગનો પ્રચાર કરે છે અને વૈષ્ણવમતનું ખંડન કરી વૈષ્ણવોની નિંદા કરે છે. આપ અમારું આ કષ્ટ કૃપા કરી નિવૃત્ત કરો'. આથી શ્રીગોકુલેશ પ્રભુએ આ બન્ને માયાવાદી પંડિતોને બોલાવ્યા. આ પંડિતોને શાસ્ત્રજ્ઞાનનું અભિમાન હતું. તેથી મદભર્યા શાસ્ત્રાર્થ કરવા તત્કાલ શ્રીગોકુલેશ પ્રભુ પાસે આવ્યા. શ્રીગોકુલેશ પ્રભુએ સત્કાર કરી માનપૂર્વક આસન આપ્યું. તેઓએ જે કંઇ કહ્યું તે બધું જ પ્રભુએ શાન્તિપૂર્વક શ્રવણ કર્યું. પ્રત્યુત્તરમાં શ્રીગોકુલેશ પ્રભુએ એક જ વચનમાં આ બન્ને પંડિતોને નિરૂત્તર કરી માયાવાદનું ખંડન કર્યું. પંડિતોનો ગર્વ ઉતરી ગયો અને શ્રીગોકુલેશ પ્રભુને પ્રણામ કરી ચાલ્યા ગયા. ત્યારબાદ તેઓએ વૈષ્ણવમતનું ખંડન કરવાનું કાર્ય અને વૈષ્ણવોની હેરાનગતિ બંધ કર્યાં. સુરત શહેરમાં શ્રીગોકુલેશ પ્રભુનો જય જયકાર થયો. આ બન્ને ભાઇ માધવદાસ અને દ્વારકાદાસ શ્રીગોકુલેશ પ્રભુના અંતરંગ કૃપાપાત્ર ભગવદીય હતા. તેઓના ભાગ્ય અને ભાવ અનિર્વચનીય છે.

સંયોજન:- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

આ મારગના ગ્રંથ છે, સકળ ભક્તિના અંગ; શ્રવણ, કથન, કીર્તન, પઠન, નિત્ય કરવો સત્સંગ. ૬૬

આ માર્ગના જે ગ્રંથો છે, તે ભક્તિના ઉદયમાં સહાયક છે. જેમકે શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં ભક્તિવર્ધિની ગ્રંથ પ્રગટ કર્યો, તેમાં ભક્તિના વૃદ્ધિના પ્રકારો વર્ણિત છે, તેવાં ગ્રંથોનું શ્રવણ કરવું, બીજાને સમજાવવા, તેનું ગાન કરવું અને પાઠ કરવો. જેમ શ્રીયમુનાષ્ટકમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન છે, જે શ્રીયમુનાજી નવતનુ પ્રદાતા છે, શ્રીપ્રભુના ચતુર્થપ્રિયા છે, અને વાંછિત ફલદાતા છે. તેમ અલગ અલગ ગ્રંથો અલગ અલગ રીતે ભક્તિપથ પર આગળ વધારવામાં પ્રેરણાસ્રોત છે. વળી, નિત્ય-નિયમ પૂર્વક સુજાતિ વૈષ્ણવો સાથે સત્સંગ કરવો. ૬૬

વલ્લભકુલ દ્વારા પ્રથમ, બ્રહ્મસંબંધ જો થાય; મારગની વિધિ જાણવા, ભગવદી કરે સહાય. ૬૭

સૌથી પ્રથમ શ્રીગુરુદેવની પાસેથી નામ-નિવેદન પામવું જોઇએ. શ્રીગુરુના લક્ષણો શ્રીમહાપ્રભુજીએ નિબંધ ગ્રંથમાં આલેખ્યાં છે, તેવા ગુરુ. અને હા, એટલું સમજી લેવું જોઇએ, કે પુષ્ટિમાર્ગમાં ગુરુ હોવા માટે શ્રીવલ્લભકુલ બાળક હોવું જરૂરી છે, પણ સર્વ શ્રીવલ્લભકુલ બાળક ગુરુ હોય, તે જરૂરી નથી. ગુરુ કરવા માટે હજાર વાર વિચાર કરવો, અને જ્યારે ગુરુ કર્યા, પછી એકે વાર વિચાર અન્ય ન કરવો. એજ દીક્ષાર્થી ગુરુ સર્વ હિત કરશે, તેવો વિવેક રાખવો, અને ધૈર્યતાથી આશ્રય સિદ્ધ કરવું. તે પછી સુજાતિ ભક્તોના સંગથી માર્ગની રીત જાણવી જોઇએ. ૬૭

નિત્ય પ્રતિ ઘડી ઘડી ક્ષણે ક્ષણે, સદાય બારે માસ; શરણમંત્ર રસના રટે, નિશદિન સેવા આશ. ૬૮

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કે 'સદાય અષ્ટાક્ષર મંત્રનું રટન-જપ કરવું' અને તેનું ફલસ્વરૂપ આપણે વાર્તા પ્રસંગમાં જોઇ આવ્યાં છીએ. વળી વારંવાર અષ્ટાક્ષર મંત્રનું રટણ કરતા રહેવું, સાથેજ સેવા કરવાની અભિલાષા-આર્તિ રાખવી. અષ્ટાક્ષરને પ્રતાપે ભગવાન એવી કૃપા કરશે કે સેવા કરવાનું બની આવે. ૬૮

ચિત્ત અનન્યતા હરિ વિષે, પાળે પતિવ્રત ધર્મ; અન્ય દેવને આશરે, ભ્રમે ન ભૂલે મર્મ. ૬૯

માર્ગનું અતિ સૂક્ષ્મ રહસ્ય છે અનન્યતા. પ્રેમભક્તિમાર્ગમાં અનન્યતા પણ એટલી જ જરૂરી છે. પતિવ્રતા ધર્મની જેમ અનન્યતા. મન કેવળ શ્રીગોકુલપતિમાં જ લગાડવું. અન્યનો સંબંધ અન્યાશ્રય છે, તેથી અવશ્ય બચવું, એનું જ નામ પતિવ્રતા ધર્મ. જીવ માત્રના સાચા પતિ એક જ છે ભગવાન શ્રીગોકુલપતિ! એમનાંમાં અનન્યતા રાખવી. એજ પતિવ્રતા ધર્મનું પાલન કરવું. પ્રેમભક્તિના મર્મને ભૂલીને તુચ્છ ફળની કામનાથી, ભ્રમમાં પડવું નહિં, જ્યાં ત્યાં ભટકવું નહિં. ૬૯

એક ભરોંસો, એક બળ, એક આશરો આસ; વલ્લભને ચરણે રતિ, શ્રીહરિ દૃઢ વિશ્વાસ. ૭૦

જેમ શ્રીમહાપ્રભુએ વિવેક-ધૈર્ય-આશ્રય ગ્રંથમાં વિવેકની વ્યાખ્યાં કરતાં આજ્ઞા કરી છે કે વિવેક તે હરિના વચનમાં સદાય વિશ્વાસ રાખવો, તે જ આપણું હિત નિજ ઇચ્છાથી કરશે. ધૈર્ય પણ કેળવવો જોઇએ, કોઇપણ પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિ, જેમકે આધિદૈવિક, આધ્યાત્મિક કે આધિભૌતિક કષ્ટ કેમ ન હોય, છતાં ધૈર્ય રાખવું, તે બળ સમાન છે. અને સદાય આશ્રય શ્રીગોકુલપતિનો જ રાખવો. અહીં તો એકમાં વિશ્વાસ, એકનું જ બળ, એકનો જ આશ્રય ને એક ની જ આશા જોઇએ. જેમ ભક્તો ગાય છે કે 'પ્રીત બની શ્રીવલ્લભ પદસોં...' શ્રીવલ્લભના શ્રીચરણમાં પ્રીતિ રાખવાથી જ શ્રીહરિમાં દૃઢ વિશ્વાસ થશે. ૭૦

પ્રીતિ અલૌકિક કર્મથી, નહિ લૌકિકનો લેશ; નિરપેક્ષ નિષ્કામ મતિ, નિશદિન ભજે વ્રજેશ. ૭૧

વળી લૌકિક સ્વાર્થ ન વિચારતાં, અલૌકિકમાં પ્રીતિ જોડવી-ભગવાન સિવાય કોઇની અપેક્ષા નહિ, કોઇની પણ કામના નહિ. આવા થઇને નિત્યપ્રતિ વ્રજાધિપતિનું સેવન કરવું. જેમ શ્રીમહાપ્રભુજી ચતુ:શ્લોકીમાં આજ્ઞા કરે છે કે 'સર્વદા સર્વભાવેન્ ભજનિયો વ્રજાધિપ...' ૭૧

તુલસીની માળા ગળે, મુદ્રા મુદ્રિત અંગ; શુદ્ધ વસન તન પર ધરે, કરે ન વિપરીત ઢંગ. ૭૨

વૈષ્ણવી વેષનો આગ્રહ બતાવે છે. કંઠમાં તુલસીની કંઠી-માલા, તિલક - દંડાકાર તિલક અને શુદ્ધ વૈષ્ણવી વેષ રાખે, અવળો દેખાવ ન કરે. દશદિગન્ત વિજયી શ્રીપુરૂષોત્તમજીએ સિદ્ધાંત રહસ્ય ગ્રંથની ટીકામાં વૈષ્ણવી વેષનો આગ્રહપૂર્વક ધારણ કરવાની આજ્ઞા કરે છે. ત્યાં આપશ્રી આજ્ઞા કરે છે કે વૈષ્ણવી વેષ તે માર્ગરૂચી નિયામક છે. તેથી સદાય માર્ગીય વેષ-ભૂષાનો સદા આગ્રયપૂર્વક ધારણ કરવું. ૭૨

વ્રત વૈષ્ણવની કૃતિ કરે, એકાદશી પ્રભૃતિઃ વળી પણ જે જે કૃતિ કરે, મારગને અનુસરતી. ૭૩

એકાદશી આદિ કરે, ચાર જયંતિ જેહ; પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે, નિશ્ચય કરવી તેહ. ૭૪

વૈષ્ણવી વ્રતો જ કરે, એકાદશી, ચાર જયંતિ કરે. અન્ય તીથી કે વાર કરવાની કોઇપણ જરૂરત નથી. અન્ય કૃતિ પણ માર્ગની રીતિને અનુસરીને જ કરે. જેમ એક સમયે શ્રીગુસાંઈજી પ્રભુના સેવક બીરબલે જન્માષ્ટમીનું વ્રત મૂલ ઉત્સવથી એક દિવસ પૂર્વ કરી લીધું હતું, અને બાદમાં જન્માષ્ટમીના દિવસે પારણા કર્યાં હતા. જે માર્ગાનુસાર નથી. તેથી જન્માષ્ટમી નિર્ણય નામક ગ્રંથ પ્રગટ થયો. બીરબલે અન્ય સંપ્રદાયને અનુસરીને વ્રત કર્યું. તે ખોટું છે. તેથી સર્વ રીતિ માર્ગાનુસાર કરવું. સર્વ એકાદશી, ચાર જયંતિ વ્રતો અવશ્ય કરવા. શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં આજ આજ્ઞા કરી છે, અન્ય દેવ-દેવીની ઉપાસનાને પણ આ ભક્તિમાર્ગમાં સ્થાન નથી. ૭૩-૭૪

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઇ વ્યારાવાળા હવે જે અન્યસંબંધ છે, તે દુઃખરૂપ છે, તેના ત્યાગ કરી કેવલ શ્રીગોકુલેશ પ્રભુનાં ફલરૂપ ભજનનું પ્રતિપાદન કરી રહ્યાં છે.

મનવૃત્ત જાનવેકો, હિત પહેચાનવેકો, ગુનગાન માનવેકો ગોકુલેશ નિધિ હે;
યાકે સુખ બિના રંચ આન સુખ માનત હે, સોઈ દુઃખરૂપ એ તો અનુભવસિદ્ધ હે;
યાસોં હેત કરિ ધરિ ધીર તૂ નીડર રહી, યાહીસોં જો હિત સોઈ હેત નિરવિધ હે;
છાંડિ તુ ક્લેશ લેશ મનમેં ન આન કછુ, ગોકુલેશ ભજ ફલ આગે તેરો સિદ્ધ હે. ૯

આપણા મનનું વૃત્તાંત જાણવામાં અને આપણા સ્નેહને ઓળખવામાં શ્રીગોકુલેશ પ્રભુ નિધિ છે. સામાન્ય મનુષ્ય આપના મનની પીડાને યા મનમાં ઉત્પન્ન થયેલ ઈચ્છાને નથી જાણતો. કોઇ મનુષ્ય વિશેષ જાણે છતાં આંશિક જાણકારી રહે પરંતુ શ્રીગોકુલપતિ તો પોતાના ભક્તોના હૃદયની વાત સંપૂર્ણ રીતે જાણે છે. જગતનાં સ્વાર્થરત જીવો આપણા સ્નેહને નથી જાણતા કે નથી તેનું મૂલ્યાંકન કરી શક્તા. સ્નેહનું મૂલ્ય તો કેવળ શ્રીગોકુલેશ પ્રભુ જ સમજે છે. એ સ્વામીના સુખમાં મન જાય ત્યારે એ સુખ ભયંકર દુઃખરૂપ બની જાય છે, એ વાત ભક્તોનાં અનુભવથી સિદ્ધ છે. જેની સમાન કોઇ નથી એવા પરમ તત્ત્વના આનંદની અનુભૂતિ કરવાનો જેને અધિકાર મળ્યો હોય તેને ગણિતાનંદ પણ ન્યૂન લાગે તો વિષયાનંદનું ક્ષણિક સુખ તુચ્છ લાગે તેમાં શું આશ્ચર્ય છે? માટે રસની ચરમ સીમાનો આસ્વાદ માણનારને એથી ન્યૂન રસનો અનુભવ થઅય તો એ દુઃખરૂપ લાગે છે.

એ સ્વરૂપમાં જ હૃદયનો સ્નેહ જોડો! તથા અનુભવમાં વિલંબ તો પણ ધીરજ છોડવી નહિ. દ્રઢ વિશ્વાસના અભાવમાં મનની ચંચલતા ક્યારેક ઉત્તમ પથનાં પથિકોને ધીરજ છોડવા બાધ્ય કરે છે. ત્યારે અન્ય સંબંધરૂપ પ્રતિબંધ ઉત્પન્ન થાય છે. માટે ધૈર્ય એ દ્રઢ આસ્થાનું સાધન છે, પરંતુ પ્રભુ ફલદાન કરવામાં વિલંબ કરીને ભક્તનો અધિકાર વધુ ઉચ્ચ કક્ષાએ લઈ જવાનો હેતુ ધરાવે છે એમ સમજીને જે ધૈર્ય ધારણ કરવામાં આવે છે એ ધૈર્ય ફલરૂપ છે. આવા ધૈર્યને ધારણ કરવાથી ફલપ્રાપ્તિમાં વિલંબ થવા છતાં ફલપ્રાપ્તિ અવશ્ય થશે, એવો વિશ્વાસ સંપાદિત થાય છે. માટે ધીરજ ધરીને નીડર બની જાઓ.

સ્નેહનું સર્વથી પર 'રસો વૈ સઃ' સ્વરૂપ સાથે જોડાણ થવું જ અત્યંત દુર્લભ છે, અને એ દુર્લભ સંબંધ સ્થાપિત થયા પછી માર્ગથી (રસથી) વિચલિત થવાનો ભય નથી રહેતો. જેમાં રસ નથી પરંતુ રસાભાં છે તેમાં સ્નેહ થવાથી જે સુખ મલે છે એ સુખ નથી પરંતુ સુખાભાસ છે. પરંતુ અપરિમિત રસના નિધાન શ્રીગોકુલેશ પ્રભુમાં સ્નેહ થવાથી જ અમર્યાદ રસની પ્રાપ્તિ થાય છે. માટે તારા મનમાં જે કારણ વિનાનો-આધાર વિનાનો ક્લેશ છે, તેને એકદમ ત્યાગી દે અને શ્રીગોકુલેશ પ્રભુનું ભજન કરો. એ ભજન કેવળ સાધન જ નથી, પરંતુ પોતે જ ફલરૂપ બનિ જાય એ શુદ્ધ પુષ્ટિમાર્ગ છે. સાધનની ફલરૂપતા સમજાતાં જ અન્ય ફલની અપેક્ષા નથી રહેતી.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

।। કૃષ્ણરાય કૃત અથનામરત્નમાલાવલિ: લિખ્યતે ।।

મહાનુભાવ ભક્ત-કવિઓ દ્વારા રચિત, સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણોના સ્વરૂપ-મહાત્મ્ય વિષયક જે સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે, તે સાહિત્ય પ્રાચીન લેખીયાઓ (હસ્તલિખિત ગ્રન્થ લખનારાઓ) દ્વારા લખેલ ગદ્ય અને પદ્યના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તે સાહિત્યમાંથી અમુક સ્તોત્ર વિગેરે સંસ્કૃત ભાષા વિજ્ઞાન-છન્દશાસ્ત્રના નિયમોના આધારે નિબદ્ધ થયેલ નથી. પાઠક-મિત્રોને નોંધ લેવી કે એવો અનુમાન છે કે સ્તોત્રમાં ભાષા સમ્બન્ધી ત્રુટિ પ્રાચીન લેખિયોઓની હોઇ શકે...સ્તોત્ર રચનાકાર મહાનુભાવ ભક્તિ કવિઓની નહી !

[३०]गोकुलानन्दकर्ता च [३१]गोकुलाधिकभूषणम् । [३२]गोवल्लभो [३३]गोकुलेशो [३४]गोकुलप्रीतिकारकः ।। ११ ।।
[३५]आचार्यकृतसिद्धान्तग्रन्थव्याख्यानकारकः । [३६]पितामहपदासक्तः [३७]पितृपादाब्जभक्तिमान् ।। १२ ।।
[३८]पितामहस्वरूपज्ञापकैकस्वनामधृक् । [३९]पितृपूर्णैकरूपत्वख्यापकात्मस्थषड्गुणः ।। १३ ।।
[४०]अतिमानुषकर्मादिकृतिः [४१]श्रीकृष्णरूपधृक् । [४२]धर्मग्लानिकृताधर्मनाशार्थावतारवान् ।। १४ ।।
[४३]पाषण्डिदण्डीसंप्रोक्तप्रसण्डाधर्मखण्डनः । [४४]स्वधर्मस्थापकोऽ [४५]खण्डधरामण्डलमण्डनम् ।। १५ ।।
[४६]यतिकोपितपृथ्वीशाकारितः [४७]तत्समीपगः । [४८]उल्लंघिततदीयाज्ञः [४९]सत्यसञ्चो [५०]व्रजेस्थितः ।। १६ ।।
[५१]आबालवृद्धतुलसीमालातिलकधारकः । [५२]कालिन्दीपतिर् [५३]ईशस्तद्विरहानुभवप्रदः ।। १७ ।।
[५४]क्ष्मोशोक्तिव्याजवाराहक्षेत्रगङ्गासमीपगः । [५५]पुनस्तदाहुतिव्याजत्वरितप्राप्तगोकुलः ।। १८ ।।
[५६]कालिन्दीसङ्गमोत्सुकः [५७]तदीयविरहाक्षमः । [५८]नित्यं श्रीगोकुलस्थानयमुनारसभोगकृत् ।। १९ ।।
[५९]आनन्दकन्दसन्दोहश्रृङ्गाररसमूर्तमान् । [६०]सर्वेन्द्रियसुखासाद्यरसरूपफलात्मकः ।। २० ।।

[૩૦]શ્રીગોકુલને આનન્દ કરનાર, [૩૧]શ્રીગોકુલનું અધિક ભૂષણ, [૩૨]શ્રીગોવલ્લભ, [૩૩]શ્રીગોકુલેશ, [૩૪]શ્રીગોકુલમાં પ્રીતિરાખનાર. [૩૫]શ્રીમહાપ્રભુએ રચેલા સિદ્ધાન્તગ્રંથોના વ્યાખ્યાનકાર, [૩૬]શ્રીપિતામહના ચરણમાં આસક્ત, [૩૭]પિતાના ચરણકમલમાં ભક્તિવાળા. [૩૮]શ્રીપિતામહના સ્વરૂપપણાનું જ્ઞાન કરાવનાર એક પોતાના નામ (શ્રીવલ્લભ)ને ધારણ કરનાર, [૩૯]પિતાના પૂર્ણ એકરૂપપણાને દર્શાવનાર ઈશ્વરના છ ગુણ જેમનામાં છે તેવા, [૪૦]મનુષ્યથી ન બને એવા દૈવી કર્મ વગેરેની કૃતિવાળા, [૪૧]શ્રીકૃષ્ણનું રૂપ ધારણ કરનાર, [૪૨]ધર્મગ્લાનિ કરનાર અધર્મના નાશ માટે પ્રગટેલા. [૪૩]પાખંડી દંડીએ (ચિદ્રૂપ) સારી રીતે કહેલા પ્રચંડ અધર્મનું ખંડન કરનાર, [૪૪]સ્વધર્મનું સ્થાપન કરનાર, [૪૫]સર્વ ધરામંડલનું ભૂષણ, [૪૬]યતિની ભંભેરણીથી કોપાવેલા બાદશાહએ બોલાવેલા, [૪૭](ને તેથી) તેની સમીપ જનાર, [૪૮]તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, [૪૯]સત્ય પ્રતિજ્ઞાવાળા, [૫૦]વ્રજમાં રહેનાર. [૫૧]બાળકથી માંડી વૃદ્ધ (સૌને) તુલસીમાલા અને તિલક ધારણ કરાવનાર, [૫૨]કાલિંદીના પતિ, [૫૩]તેના વિરહનો અનુભવ આપનાર ઈશ્વર, [૫૪]નૃપતિના વચનને બહાને વરાહક્ષેત્ર ગંગાસમીપ જનાર, [૫૫]પુન: તેના બોલાવવાના મિષથી ત્વરાથી ગોકુલ પહોંચનાર. [૫૬]કાલિંદીના સંગમ માટે ઉત્સુક, [૫૭]તેનો વિરહ સહન નહિ કરનાર, [૫૮]નિત્ય શ્રીગોકુલસ્થાનમાં શ્રીયમુનાજીના રસનો ભોગ કરનાર, [૫૯]આનન્દમૂળસારરૂપ મૂર્તિમાન્ શ્રૃંગારરસ, [૬૦]સર્વ ઇન્દ્રિયોથી સુખથી આસ્વાદ્ય રસરૂપ ફલસ્વરૂપ. ૧૧-૨૦

...क्रमशः

જૈ જૈ શ્રીગોકુલેશ

સખી ધન્ય રે દિવસ ધન્ય રાતડી જો

સખી ધન્ય રે દિવસ ધન્ય રાતડી જો,
ઘણી મીઠી મીઠી વહાલાજીની વાતડી જો ૧
વ્હાલો પાઘ બાંધે છે વાંકડી જો,
તેને જોઈને ઠરે છે મારી આંખડી જો ।।સખી।। ૨
વ્હાલો નખશીખ મોહન બેલડી જો,
એના ગુણ ગાય સહીયર સાહેલડી જો ।।સખી।। ૩
વ્હાલો બની ઠનીને ઘેર આવીયા જો,
માહરી સહીયર સમાણી મન ભાવીયા જો ।।સખી।। ૪
માહરે પૂર્વ જનમની પ્રીતડી જો,
ઘેર પોધાર્યા રસની રીતડી જો. ।।સખી।। ૫
જીરે રસ ઉચ્છલીત થયો અંગમાં જો,
વ્હાલો આવી બિરાજ્યા મારા સંગમાં જો. ।।સખી।। ૬
વ્હાલે રાસ મંડલ રચનાકરી જો;
પુરે મનોરથ શ્રીગોકુલના ધણી જો ।।સખી।। ૭
સખી રંગીલી ગલી રલીયામણી જો,
ત્યાં તો ભીડ મચી ઘણી ભક્તની જો ।।સખી।। ૮
સખી દરસન ને સહુ જાય છે જો,
મુખે ગોકુલપતિના ગુણ ગાય છે જો ।।સખી।। ૯
ત્યાંતો નિત્ય નિત્ય થેઈ થેઈ થાય છે જો,
વ્હાલાજીને તે ભક્ત સોહાય છે જો ।।સખી।। ૧૦
સખી ફરીફરીને લેછે ફુંદડી જો,
તમે રીઝવ્યા પ્રભુજીને આ ઘડી જો ।।સખી।। ૧૧
સખી નીરખી હરખી ને ગાય છે જો,
હરીદાસ તો વારણે જાય છે જો ।।સખી।। ૧૨

કવિત

પ્રમેય પ્રકટ પ્રાણવલ્લભ સુખદ એસૈ,

સ્વરૂપ સમીપ બીજ, સુખ કો ન લેશ હૈ;

સબૈ દુ:ખદાયક, ન લાયક, ન સહયાકકો,

લૌકિક અલૌકિક એ દુ:ખકે વિશેષ હૈ;

સેવા સુખ સંગ ભગવદીયકો આઠૌ જામ,

મન વિરમાયવેકો, ઉલટો ક્લેશ હૈ;

જશ ગુન કથા ગ્રંથ પાઠ ભગવદ્ નામ;

નેહીકે વીરામકું એ વૃથા ઉપદેશ હૈ. ૩૨

શ્રીગોકુલનાથકી જય

|| ShriGokulesho Jayati ||

ShriGokulnathji

(Life & Works)

....continued

ShriGokulnath charanan mein, Shish sada naman hai;
Yehi swaroop ko jeev chahe, Jo nijjan varan padhar hai. 1
ShriGokulesh hi yaha swaroop, jo hai adi aru ant Anoop;
ShriGokul mein raajat sada, ShriBaithak sada Anuroop. 2
Jin dwara yaha swaroop khoju, jo swaroop kare VrajVaas;
Dasgopal ke ShriRai prabhu, jako Puraan kare Prakaas. 3

3rd The Sutra Period :-

After the Upanisadic Period was over, attempts were made to systematize the Vedic knowledge and religion and put it into a nut-shell. Those attempts were made during Grhya, Dharmas and other Sutras were composed, because that was the easiest way to remember the rules and regulations and the doctrines in the absence of any other way like writing and printing. During this period different schools of philosophy, such as Nyaya, Samkhya, etc were propounded. Of these schools, the Uttara-Mimansa is the

most important school, known as Vedanta. In it, we find an attempt to sum arize and systematize the teachings of the principal oldest (eleven or thirteen) ups. Uttara-Mimansa is also known as the Vyasa-Sutra also, but the popular name is the Brahma-Sutras. The date of this period cannot be settled in the absence of any authentic evidence. It is generally conceded that the period falls between 600 B.C. to 200 A.D.

<u>4th The Bhashya Period</u> :-

The Sutra-Period was followed by the Vivrutti and Bhashya-period. This period now attempts to interprete the sutras as well as formulate system out of them. A number of writers-Vivrutti-kaaraas or the Bhashya-Kaaras are mentioned in the Madhva-Vijaya-prakashika.

Several Scholars and Aacharyas have rendered a great service to the cause of the Vedanta Philosophy, but unfortunately all of their works are not available today. The first complete and marvelous Bhashya known as Arirake-Bhashya, on the Brahma-Sutras was by ShriShamkaracharya (788-820 A.D.). His Doctrine is known as Kevala-Dwaita and also as Vivarta-Vada or Maya-Vada. According to ShriShamkara, Brahman is the Only and Ultimate Reality and all the apparent phenomenon of this Universe is but a Maya, a mivage. The soul is the reflection of the Brahman into Maya. He doesnot believe in the soul being a part (amsa) of Brahman. True knowledge is the means of realization of Brahman.

ShriRamanuja (1017-1137 A.D.) wrote SriBhashya on the Brahma-Sutras, in which He criticized the Vivarta-Vada of ShriShamkara. His doctrine is known as the Vishishta-Advaita. According to Him, the soul is a part of Brahman, but after realisaiton, the soul does not merge in the Brahman. The soul does not lose its individuality, but maintains its separate individuality. ShriRamanuja maintains identity between Chitt and Achitt and says that the Brahman is Chitt-Achitt-Vishisth.

ShriNimbara (circa 1200 A.D.) wrote a Bhashya called Vedanta-Parijata, on the Brahma-Sutras, and propounded what is called Dvaita-Advaita-Vaada, or BhedaBhed-Vada. ShriBhaskara's doctrine is sopadhika-bhedabhed, while ShriNimbarka's doctrine is Real Bheda-Bheda. According to Him, there are three elements - Chitt, Achitt and Brahman. The first two are in a way, one with Brahman, but differ from Brahman, because they have no Anandam's and Chitt-ams fully developed in them. Hence the Doctrine is called Dvaita-Advaita Vada.

ShriMadhava (1197-1276 A.D.) wrote a Bhashya, called Purnaprajna-Bhashya or Ann-Bhashya on the Brahmasutras, and propounded the doctrine of Duality (Dvaita-Vada). He is the first bold philosopher to say that the soul, the world and the God are not identical, but quite different from God and the world, the soul and the world, one soul and another soul and also different forms of the world.

These three Vaishnava Aacharyas vehemently criticize ShriShamkara's doctrine, consider the world as real and the Brahman as the Highest Realith, and preach Bhakti (devotion), i.e. Bhagavata Prapti (ofcourse, combined with knowledge), to be the means of Realisation.

Sripati Pandita (1160 A.D.) is said to have written Srikara-Bhasya. Srikantha is said to have written a commentary on the Brahma-Sutras and Vijnandra-Bhikshu has written Vijnanamrits on the Brahma-Sutras but their doctrines have not become so well known, ShriKrishna Chaitanya did not write

any philosophical work, but preached Devotion. The followers of His school believe in Achintya BhedaBhed-Vaad.

Now ShriVallabhacharya wrote Anu-Bhashya and probably Bruhad-Bhashya on the Brahma-Sutras and propounded the doctrine of Suddhadvaita, Pure Monism. It is one of the principal schools of Vedanta and is important as it surveys all other previous doctrines and established His doctrine after refusing other views.

The Term Suddhadvaita :-

The term Suddhadvaita is explained in two ways.

शुद्धाद्वैतपदे ज्ञेयः समासः कर्मधारयः । अद्वैतं शुद्धयोः प्रारुः षष्ठीतत्पुरुषं बुधाः ।।

मायासंबंधरहितं शुद्धमित्युच्यते बुधैः। कार्यकारणरूपं हि शुद्धं हि ब्रह्म न मायिकम् ।।

ShriGiridharji(kashi)'s Suddhadvaita Martanda Sloka 27, 28

The term is as **कर्मधारयः** compound, i.e. it is to be dissolved as **शुद्धं च तद् अद्वितम्**, one and only element Brahman is quite pure, untouched by Maya and it is both cause and effect. The term is also a **षष्ठीतत्पुरुष** compound i.e. it is to be dissolved as **अद्वैतं शुद्धयोः**, i.e. onness of (or absence of duality between) Brahman and the world. Anu-Bhashya of ShriVallabhacharya on Brahmasutras 2.1.14-16 says **अनन्यत्व अधिकरण**. This philosophy is also called Brahmavada or Suddhadvaita Brahmavada, because it recognizes only Brahman (and no other entity), which manifests itself into the universe, for which ShriVallabhacharya quotes in self-created Tatvartha Deepa Nibandha's Sarvanirnaya Karikas 183, 184 as follows:

आत्मैव तदिदं सर्वं सृज्यते सुजति प्रभुः ।
त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ।। १८३ ।।
आत्मैव तदिदं सर्वं ब्रह्मैव तदिदं तथा ।
इति श्रुत्यर्थमादाय साध्यं सर्वैर् यथामतिः ।
अयमेव ब्रह्मवादः शिष्टं मोहाय कल्पितम् ।। १८४ ।।

.....to be continued

.....courtsey :- From the old thesis work on ShriGokulnathji.

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૧૦
શ્રીસફલા એકાદશી વ્રત
માગસર વદ ૧૧, ૨૦૬૭

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપકું એક વૈષ્ણવને વિનતી કરી જે રાજ! મેં ફીર લગ્ન કરૂં, કન્યા અન્ય સંબંધમેં હે. તબ આપને આજ્ઞા કીની: જો કન્યા અન્ય સંબંધમેં હે, યાકી ચિંતા નહિ. અપને ઘર લાયે પાછે અપને ધર્મમેં લગાય દેવે, ઔર જામેં અપનો ધર્મ જાય એસો લગ્ન કરકે કહા કરેગો, સ્ત્રી અનુકૂલ હોય તો આછી, સંસારમેં સ્ત્રી હેં સો બેડી રૂપ હે. યહ આજ્ઞા કરકે વાકુ (દૂસરો) લગ્ન કરવેકી મને કરી. ૯૯